ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ

આચાર્ય જોઈએ છે

ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત એમ.બી.પટેલ સાયન્સ કોલેજ માટે આચાર્યની જગ્યા ભરવા માટે સંયુકત શિક્ષણ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર, દ્વારા તેમના પત્ર ક્રમાંક કવટ/ISC-8/૨૦૨૫/૨૨૧૮૦-૮૧ તા. ૦૭/૦૮/૨૦૨૫ ના પત્રની મંજુરી મળેલ છે. જેમાં નિયત લાયકાત ધરાવતા ઉમેદવારની અરજીઓ મંગાવવામાં આવે છે.

લાયકાત અને અનુભવ : યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુ.જી.સી.) ની માર્ગદર્શિકા પ્રમાણે ઉમેદવાર માન્ય યુનિવર્સિટીમાંથી અનુસ્નાતક ડિગ્રી ૫૫ % ગુણ સાથે અને પી.એચ.ડી ડિગ્રી પ્રાપ્ત કરેલી હોવી જોઈએ. કોલેજ, યુનિવર્સિટી કે ઉચ્ચ શિક્ષણની અન્ય સંસ્થાઓનો એસોસિએટ પ્રોફેસર/પ્રોફેસર તરીકેનો ઓછામાં ઓછો ૧૫ વર્ષનો શૈક્ષણિક/સંશોધનનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. તેમજ સરકારીશ્રીના વખતો વખતના ઠરાવો તથા શિક્ષણ વિભાગના તા. ૨૪-૦૫-૨૦૨૧ ના ઠરાવથી નિયત ગુણાંકન/લાયકાત અને યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૮ Appendix-II Table-2 મુજબ નિયત ગુણાંકન ધરાવતા હોવા જોઈએ. ઉમેદવાર ભારતીય નાગરિક હોવો જોઈએ.

પગાર ધોરણ : પગાર ધોરણ ગુજરાત સરકારશ્રી તથા યુ.જી.સી.ના નિયમ મુજબ મળવાપાત્ર થશે.

માન્ય ઉમેદવારે ધોરણ ૧૨ થી અનુસ્નાતક કક્ષા સુધીની તમામ પરીક્ષાઓની માર્કશીટ, સંશોધનોના પત્રો તેમજ અનુભવના પ્રમાણપત્રો તથા અન્ય પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત નકલો સાથે અરજી જાહેરાત પ્રસીદ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં મંત્રીશ્રી, ચરોતર એજ્યુકેશન સોસાયટી, ડી.એન. હાઈસ્કૂલ કેમ્પસ, સ્ટેશન રોડ, આણંદ – ૩૮૮૦૦૧, તા.જિ. આણંદના સરનામે સ્પીડ પોસ્ટથી મોકલવાની રહેશે. અધુરી વિગતવાળી તથા નિયત સમય મર્યાદા પછીથી આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી. નોકરી કરતા હોય તેવા ઉમેદવારોએ વર્તમાન સંસ્થાનું એન.ઓ.સી. (N.O.C.) અરજી સાથે જોડવાનું રહેશે. ઈચ્છુક ઉમેદવારોએ ચરોતર એજ્યુકેશન સોસાયટીની વેબસાઈટ **http://www.cesociety.in** તથા કોલેજની વેબસાઈટ **http://www.mbpatelscience.ac.in** માં દર્શાવેલ નિયત અરજી ફોર્મમાં અરજી કરવાની રહેશે. ઉમેદવારે કવર ઉપર 'આચાર્યની ભરતી' અવશ્ય લખવાનું રહેશે.

તારીખ : ૧૪/૦૮/૨૦૨૫ મંત્રીશ્રી, કેતનકુમાર પી. પટેલ

સ્થળ : આણંદ